# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10-04-2026** **Midday : 2.30 to 2.35pm**

**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

(સમાચારને અંતે)

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતા. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

---

**આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)**

**(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)**

**(CLOSING MUSIC)**

# ELECTION

રાજ્યમાં 15 મહાનગરપાલિકાઓ, 84 નગરપાલિકાઓ, 34 જિલ્લા પંચાયતો અને 260 તાલુકા પંચાયતોની સામાન્ય તથા નગરપાલિકાઓની પ્રસંગોપાત ખાલી પડેલી પેટા ચૂંટણીઓ 26 મી એપ્રિલે યોજાશે. તમામ બેઠકો પર ઉમેદવારી પત્રો ભરવાનો આવતીકાલે છેલ્લો દિવસ છે ત્યારે ભારતીય જનતા પાર્ટી, કોંગ્રેસ, આમ આદમી પાર્ટી સહિતના પક્ષોએ મોટા ભાગના ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. જ્યારે કેટલીક બેઠકો પર આજે બપોર પછી કે ઉમેદવારને સીધો ફોન કરીને જાણ કરવામાં આવશે.

દરમિયાન ભાજપે સુરેન્દ્રનગર, નડિયાદ, અરવલ્લી, નર્મદા, પાટણ, વડોદરા, ખેડા, છોટા ઉદેપુર, અમદાવાદ જિલ્લાઓની, તાલુકા પંચાયતોની અને મહાનગરપાલિકાઓના કેટલાક બેઠકોના ઉમેદવારોના નામ જાહેર કર્યા છે.

રાજકોટમાં આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને લઈને રાજકીય માહોલ ગરમાયો છે. રાજકોટ મનપા માટે ભાજપે હજુ સુધી સત્તાવાર રીતે ઉમેદવારોના નામોની જાહેરાત કરી નથી. તેમ છતાં સંગઠન દ્વારા ફોર્મ ભરવાની પ્રક્રિયા અને શક્તિ પ્રદર્શનની તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. આ અંગે વધુ માહિતી આપે છે રાજકોટ મહાનગરપાલિકાના અગ્રણી વિરેન્દ્ર સિંહ

**(BYTE : VIRENDRA SINH ZALA)**

# VOTER AWARENESS CAMPAIGN MEHSANA AND MAHISAGAR

મહેસાણા જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને અનુલક્ષીને મતદાર જાગૃતિ અભિયાન કાર્યક્રમ યોજાઇ રહ્યા છે. જેમાં શાળા અને કોલેજોમાં રેલી, શેરી નાટકો., રંગોળી અને પત્રલેખન દ્વારા વિધાર્થીઓ અને વાલીઓને મતદાન કરવા માહિતગાર કરાઇ રહ્યા છે. દૂધમંડળીઓ અને ગ્રામપંચાયતો ખાતે બેઠકો કરી વધુ ને વધુ મતદાન થાય તેવા પ્રયાસો થઈ રહ્યા છે. આ સાથે જિલ્લામાં સાયકલ રેલી, બાઈકરેલી, માનવસાકળ જેવા કાર્યકમો થકી મતદાન જાગૃતિ અભિયાન કરાઈ રહ્યું છે.

મહીસાગર જિલ્લા ચૂંટણીતંત્ર દ્વારા વિવિધ તાલુકાઓની પ્રાથમિક શાળાઓમાં મતદાર જાગૃતિ અંગે પ્રવૃત્તિઓ યોજાઈ રહી છે, જેમાં શાળાઓમાં ચિત્ર સ્પર્ધા, રંગોળી સ્પર્ધા, નિબંધ લેખન અને વકૃત્વસ્પર્ધા જેવી પ્રવૃત્તિઓ દ્વારા મતદાન વિશે સમજ આપવામાં આવી રહી છે.

# AI BASED TOOL

રાજ્ય પોલીસે  નશાકારક પદાર્થો સંબધિત કેસોની તપાસ પ્રક્રિયા મજબૂત બને અને સજાનો રેશિયો વધે એ માટે AI આધારિત શરૂ કર્યું.  દેશમાં કોઈપણ રાજ્ય પોલીસ અથવા તપાસ એજન્સી દ્વારા ઉપયોગમાં લેવાતું આ પ્રકારનું આ પ્રથમ AI આધારિત ટૂલ છે.  આ પહેલનો હેતુ નાર્કોટિક્સ સંબંધિત તપાસને અસરકારક બનાવવાનો અને અદાલતમાં સુનાવણી દરમિયાન કેસને વધુ મજબૂત બનાવી આરોપીઓને સજા અપાવવાનો છે.  આ ટૂલ દરેક કેસ સંદર્ભે કાનૂની જોગવાઈઓ, કાયદા અને તપાસ પ્રક્રિયાઓને એકઠી કરીને તપાસ અધિકારીઓને સામેનું વિશ્લેષણ કરી કાનુની સલાહ પણ આપે છે. આ અંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, ગુજરાત રાજ્ય ડ્રગ્સ સબંધિત ગૂનાઓને નેસ્તનાબૂદ કરવા માટે મક્કમ છે. આ ટેકનોલોજીની મદદથી નશાકારક પદાર્થો સંબંધિત ગુનાઓની અસરકારક તપાસ કરીને આરોપીઓ સામે કાનુની કાર્યવાહી મજબૂત બનશે,

આ એપ્લિકેશન પશ્ચિમ રેલવે પોલીસ, વડોદરા વિભાગ દ્વારા મુંબઈ સ્થિત AI સ્ટાર્ટઅપના સહયોગથી વિકસાવવામાં આવી છે.

# TAMAKU KHARIDI KENDRA - DIODER

વાવ થરાદ જિલ્લાના દિયોદર માર્કેટ યાર્ડમાં તમાકુ ખરીદી કેન્દ્ર શરૂ થતા ખેડૂતોમાં ખુશીની લાગણી જોવા મળી રહ્યા છે.

દિયોદર ખેતી ખરીદ વેચાણ સંઘ ખાતે હવે ખેડૂતોના માલની વિધિવત હરાજી કરી ખરીદી પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે. હાલમાં ખેડૂતોને તેમની તમાકુના ગુણવત્તા અનુસાર પ્રતિ મણ 1500 રૂપિયા થી 2200 રૂપિયાથી સુધીના ઉંચા ભાવ મળી રહ્યા છે. આ અંગે દિયોદર APMCના સેક્રેટરી પરાગભાઇ પટેલે જણાવ્યું હતું કે, ખેડૂતોના હિતમાં આ સેન્ટર શરૂ કરાયું છે જેથી તેમને દૂર સુધી ન જવું પડે.

# BHAVNAGAR – HARIDWAR TRAIN

મુસાફરોની વધતી જતી ભીડને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવે દ્વારા ટ્રેન ઓન ડિમાન્ડ – TOD હેઠળ ભાવનગર અને હરિદ્વાર વચ્ચે "સાપ્તાહિક સમર સ્પેશિયલ ટ્રેન" દોડાવવામાં આવશે. ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક અતુલ કુમાર ત્રિપાઠી જણાવ્યું કે આ ટ્રેન 10 એપ્રિલ થી 31 મે દરમ્યાન બંને દિશામાં કુલ 8-8 ફેરા કરશે. આ ટ્રેન 12 મી એપ્રિલ થી 31 મી મે સુધી ભાવનગરથી દર રવિવારે સવારે 04:25 ઉપડસે અને સોમવારે બપોરે 3 વાગ્યે હરિદ્વાર પહોંચશે.

તેવી જ રીતે પરત ટ્રેન હરિદ્વારથી 13 એપ્રિલ, થી 01 જૂન, સુધી ચાલશે. આ ટ્રેન હરિદ્વારથી દરેક સોમવારે સાંજે 04:25 મિનિટે ઉપડસે અને બુધવારે સવારે 04:35 મિનિટે ભાવનગર પહોંચશે.